
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




બહેન, હુ હજાર રૂપિયે કીલો બદામ લઈ આવી, આઠસોની દ્રાક્ષ લઈ આવી... હવે વીસનાં અઢી કીલો ગાજર થાય ત્યારે હલવો બનાવીશ.

# બાઈક સ્લીપ થઈ જતા ગંભીર રીતે ઘવાયેલા ૧૯ વર્ષીય યુવાનનું મૃત્યુ

### અમદાવાદનો યુવાન દિપેશ્વરી માતાજીના મંદિરે દર્શન કરીને પરત ફરતો હતો ત્યારે દહેગામ-નરોડા હાઈવે ઉપર સોનારડા પાટીયા પાસે બાઈક સ્લીપ થઈ ગયું હતું : સારવાર દરમ્યાન મૃત્યુ

ગાંધીનગર, તા. ૨૩

અમદાવાદના સૈજપુર બોઘા વિસ્તારમાં રહેતો ૧૯ વર્ષીય યુવાન એક સપ્તાહ પહેલા તેના મિત્રો સાથે બાઈક પર દહેગામ નજીક આવેલા દિપેશ્વરી માતાજીના મંદિરે દર્શન કરવા ગયો હતો. મંદિરે દર્શન કરીને પરત ફરતી વખતે દહેગામ નરોડા હાઈવે ઉપર સોનારડા ગામ ના પાટીયા પાસે તેનું બાઈક અચાનક સ્લીપ ખાઈ જતા ગંભીર રીતે ઘાયલ થયો હતો. એક સપ્તાહથી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા આ યુવાનનું સારવાર દરમિયાન ગઈકાલે પ્રાણપંખેરું ઊડી ગયું હતું. ડભોડા પોલીસે આ મામલે ગુનો દાખલ કરીને ઘટનાની તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદના સૈજપુરબોઘા વિસ્તારમાં રહેતો ૧૯ વર્ષીય કિરણ ગણપતભાઈ પટેલ ૧૮મી નવેમ્બરે કોલોનીના મિત્રો સાથે લીંબ ઉતરડા દિપેશ્વરી માતાજીના મંદિરે સવારે સાડા સાત વાગ્યાના અરસામાં દર્શન કરવા માટે પહોંચ્યો હતો. મંદિરે દર્શન કરીને કિરણ તેના મિત્રો સાથે બાઈક ઉપર પરત ઘર તરફ જઈ રહ્યો હતો ત્યારે તેના બાઈકને દહેગામ નરોડા હાઈવે ઉપર આવેલા સોનારડા ગામના પાટીયે અકસ્માત નડયો હતો. કિરણે બાઈકના સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવી દેતા બાઈક સ્લીપ થઈ ગયું હતું અને હાઈવે ઉપર ઢસડાઈને પટકાતા કિરણને ગંભીર ઈજાઓ થવા પામી હતી. ઈજાગ્રસ્ત કિરણને તેના મિત્રો ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે અમદાવાદ સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ ગયા હતા. ગંભીર રીતે ઘાયલ કિરણનું ગઈકાલે સાંજે પાંચ વાગ્યાના અરસામાં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન કમકમાટીભર્યુ મૃત્યુ હતું. ડભોડા પોલીસે મૃતક કિરણના પિતા ગણપતભાઈ વસ્તાભાઈ પટેલની ફરિયાદને આધારે ગુનો દાખલ કરીને મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી ઘટના અંગે વધુ તપાસ આરંભી છે.




## હેન્ડબોલમાં સાઈની ટીમને ગોલ્ડમેડલ

ગાંધીનગરના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની હેન્ડબોલની બોયઝ ટીમે જૂનાગઢ ખાતે યોજાયેલ ખેલ મહાકુંભમાં ગોલ્ડમેડલ હાંસલ કર્યો છે. આ ટીમના કોચ શશિ મોહન ધુમાલે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.



## કારતક સુદ પૂનમ નિમિત્તે ગિયોડ સ્થિત મીની અંબાજી મંદિરે અન્નકૂટ ધરાવાયો

કારતક સુદ પૂનમે દર વર્ષની પરંપરા મુજબ ચિલોડા-હિંમતનગર માર્ગ પર આવેલુ શ્રદ્ધાના પ્રતિક સમા ગિયોડ સ્થિત મિનિ અંબાજી મંદિરે માતાજીના ભક્તો દ્વારા વિવિધ ખાદ્ય વાનગી જેવી કે મિઠાઈ, ફળફળાદી, શાકભાજી, ઠંડા પીણા, મુખવાસ સહિત અનેક માતાજીને પ્રસાદરૂપે અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે જગતજનની જહદંબાના દર્શનને પૂનમનો મહામહિમા હોવાથી મોટી સંખ્યામાં અન્નકૂટ અને માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# જિલ્લામાં પંચાયત સેવા પસંદગી મંડળની સ્પર્ધાત્મક પરીક્ષામાં નોંધનીય હાજરી

ગાંધીનગર, તા. ૨૩

ધરતીકંપના તરંગો કેવા પ્રકારના હોય છે ? ભારતની પ્રથમ મહિલા ડૉક્ટરની ૧૫૩મી જન્મજયંતિ ૩૧મી માર્ચ ૨૦૧૮ના રોજ હતી તેમનું શું નામ હતુ જેવા અઘરા પ્રશ્નો નાયબ ચીટનીસની સ્પર્ધાત્મક પરીક્ષામાં પરીક્ષાર્થીઓને મુંઝાવી જરૂર ગયા હતા.

બન્ને સ્પર્ધાત્મક પરીક્ષાના પ્રશ્નપત્રો અઘરા હોવાની ફરિયાદ ઉઠી હતી. જો કે આ પ્રશ્નપત્રમાં ઘણા સરળ પ્રશ્નો પણ પુછાયા હતા. મુખ્ય સેવિકાની પરીક્ષામાં ૧૦૦મુ એરપોર્ટ કયા રાજયમાં બન્યુ ? ડુંગાગ શું છે ? વિટામીન એ નું પૂર્વગામી સ્વરૂપ કયુ છે ? આસામમાં એન.આર.સી.નો આખરી મુસદ્દો ક્યારે પ્રકાશિત કરાયો ? રાજયસભાના ઉપાધ્યક્ષપદે કોણ નિયુક્ત થયા ? ''સહી પોષણ દેશ રોશન'' શેને સંબંધ ધરાવે છે ? ૨૦૧૭માં શાંતિ માટેનો નોબેલ પુરસ્કાર કોને મળેલ છે ? કુપોષણની સમીક્ષા માટેના ત્રણ અગત્યના માપદંડ કયા છે ? જેવા પ્રશ્નોને લઈ પરીક્ષાર્થીઓ મુંઝાયેલા જણાયા હતા.

### ધરતીકંપના તરંગોના પ્રકાર અને પ્રથમ મહિલા તબીબ કોણ જેવા પ્રશ્નો પુછાયા : પંચાયતી ધારાને જોડી પ્રશ્નો પણ નાયબ ચીટનીસની પરીક્ષામાં પુછાયા | રાજયસભાના ઉપાધ્યક્ષ કોણ નિમાયા ? વિટામીન એ નું પૂર્વગામી સ્વરૂપ કયુ જેવા પ્રશ્નો મુખ્ય સેવિકાની પરીક્ષામાં પુછાયા : પ્રશ્નપત્રને લઈ મિશ્ર પ્રત્યાઘાતો

આજે જિલ્લામાં પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા નાયબ ચીટનીસ અને મુખ્ય સેવિકાની ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓ યોજવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે મુખ્ય સેવિકાની પરીક્ષામાં ૮૪ ટકા જેટલી હાજરી નોંધાઈ હતી તો નાયબ ચીટનીસની પરીક્ષામાં ૬૯ ટકા જેટલી હાજરી પરીક્ષાર્થીઓની નોંધાઈ હતી.

એક કલાકમાં ૧૦૦ પ્રશ્નોનો ઉત્તર લખવાના હતા. જો કે ગણિતના પ્રશ્નોને પ્રશ્નપત્રમાં સ્થાન ન હતુ પરંતુ બાળ-આરોગ્ય અને આઈ.સી.ડી.એસ. તેમજ સામાન્ય જ્ઞાનના પ્રશ્નો ઉપરાંત ગુજરાતી વ્યાકરણના પ્રશ્નો પુછાયા હતા.

આ પરીક્ષાને લઈ પરીક્ષાર્થીઓએ મિશ્ર પ્રત્યાઘાત આપ્યા હતા. જોકે જાણકારોના મતે આ પરીક્ષાનું મેરીટ ઊંચુ જઈ શકે છે.

નાયબ ચીટનીસની પરીક્ષામાં પંચાયત ધારાની કલમો, સ્વચ્છ ગામ સ્વસ્થ ગ્રામ, ઈ-ગ્રામ - વિશ્વગ્રામ યોજનાને લઈ પ્રશ્નો ઉપરાંત અંગ્રેજી ભાષાના પણ પ્રશ્નો અને ગુજરાતી વ્યાકરણના પ્રશ્નો પુછાયા હતા. કેટલાક પરીક્ષાર્થીઓને પ્રશ્નપત્ર સરળ લાગ્યુ હતુ પરંતુ પંચાયત સેવા પસંદગી મંડળ અને ગૌણ સેવા પસંદગી મંડળના નિયમોની તુલના કરી પ્રશ્નપત્ર અઘરૂ હોવાનું જણાવ્યુ હતુ.

ગૌણ સેવા પસંદગી મંડળમાં ૧૫૦ ગુણાંકનું પ્રશ્નપત્ર હોય તો બે કલાકનો સમય અપાય છે જ્યારે પંચાયત સેવા પસંદગી મંડળમાં દોઢ કલાકનો સમય અપાયો હતો. આને લઈ પરીક્ષાર્થીઓને કેટલાક પ્રશ્નો છુટી ગયાની ફરિયાદ કરતા નજરે ચડ્યા હતા.

ગાંધીનગર જિલ્લામાં આ સ્પર્ધાત્મક પરીક્ષામાં ૪૩ હજાર જેટલા પરીક્ષાર્થીઓ નોંધાયા હતા. ૭૮ કેન્દ્રો પર આ પરીક્ષા યોજાઈ હતી. આજની આ પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં કોઈપણ અનિચ્છનીય ઘટના સિવાય સંપન્ન થઈ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.



શેત્રુંજય પટદર્શન : સેક્ટર-૩ જૈન દેરાસર ખાતે શેત્રુંજય પટદર્શન યોજાયા હતા. મોટી સંખ્યા સંખ્યા જૈન પરિવારો ઉમટ્યા હતા.

## રવિવારે ખાખરિયા છાસઠ પ્રજાપતિ સેવા સમાજનું સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના ખાખરિયા છાસઠ પ્રજાપતિ સેવા સમાજના ૧૪મા સ્નેહમિલન તથા ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન તા. ૨૫મી નવેમ્બર રવિવારે સવારે ૮.૧૫ કલાકે સે. ૧૭માં ટાઉનહોલ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સમારંભના અધ્યક્ષપદે મુંબઈમાં ભાજપ યુવા મોરચામાં લીગલ સેલના કન્વીનર તથા ઈમેક્યુલેટ ઈવેન્ટના સુરેશભાઈ પ્રજાપતિ બિરાજશે. સમારંભનું ઉદ્‌ઘાટક ડિંગુચાના સામાજિક કાર્યકર રમેશભાઈ પ્રજાપતિના હસ્તે કરાશે તથા સમારંભના મુખ્ય મહેમાનપદે ડિંગુચાના સામાજિક કાર્યકર જયંતિભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહેશે.

આ ઉપરાંત સમારંભમાં નિવૃત્ત અધિકારીઓ જે.બી. વોરા અને એચ.બી. વરીયા, ઓલ ઈન્ડિયા બ્રિક્સ એન્ડ ટાઈલ્સ મેન્યુફેટરસી ફેડરેશનના અધ્યક્ષ દેવેન્દ્રભાઈ પ્રજાપતિ, સમસ્ત પ્રજાપતિ યુવક મંડળના અધ્યક્ષ મુકેશભાઈ પ્રજાપતિ, સે. ૨૭ના સર્કલ પીઆઈ જતીન પ્રજાપતિ, સે. ૭ના ડૉ. જે.ડી. પ્રજાપતિ તથા સમસ્ત વસ્ત્રાલ પ્રજાપતિ સમાજના પ્રમુખ કનુભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે.

# અખિલ ભારતીય કવિયત્રી સંમેલન યોજાયુ

ગાંધીનગર, તા. ૨૩

ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ ખાતે આયોજીત અખિલ ભારતીય કવિયત્રી સંમેલનને રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને ખુલ્લો મુકયો હતો. આ પ્રસંગે ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટીના કશ્યપ સભા ગૃહ અને વિવેકાનંદ ગ્રંથાલયનું લોકાર્પણ પણ




રાજયપાલશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાજયપાલ ઓ.પી. કોહલીએ જણાવ્યું હતું કે, આ સમારંભ સાહિત્ય, કલા, જ્ઞાન-વિજ્ઞાનનો સમન્વય કરાવે છે. ઋષિ કશ્યપ મુનિના જીવન કથનની રસપ્રદ વાત કરીને રાજયપાલશ્રીએ આ સભાગૃહમાં હવે, દેશ-વિદેશના તજજ્ઞો આવતાં રહેશે, જેનો લાભ આ યુનિવર્સીટી સહિત ગુજરાત રાજયના વિધાર્થીઓને મળશે. બી.એ.ઓ.યુ. તમામ પ્રકારની સુવિધાઓથી સજ્જ છે. સ્વામી વિવેકાનંદે વેદાંતને પુનઃજીવિત કરવાનો પ્રયત્ન કર્યો હતો. રાષ્ટ્રીય ભાવનાને ઉજાગર કરવા માટે સ્વામી વિવેકાનંદ પોતાની જીવન સમર્પિત કર્યુ હતું. આજે આ યુનિવર્સીટીમાં તેમના નામથી અદ્યતન સુવિધાથી સજ્જ ગ્રંથાલયનો આરંભ થયો છે. ડૉ. બાબા સાહેબ આંબેડકર માનતા હતા કે, કોઈ પણ સમાજની પ્રગતિ તે સમાજની મહિલાઓની પ્રગતિથી જાણી શકાય છે.

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, હું સામાજિક સમરસતામાં માનું છે, જેથી ડૉ. બાબા સાહેબ આંબેડકર મારા જીવનમાં આદર્શ રહ્યાં છે. ઋષિમુનિના નામ સાથે જોડાયેલ હોલ કદાચ રાજયનો આ પહેલો હોલ હશે, તેવું કહી તેમણે યુનિવર્સીટીને ઋષિમુનિઓથી આજની પેઢીને પરિચય કરાવવા માટે અનેરા કાર્યક્રમનું આયોજન કરવા માટે પણ અપીલ કરી હતી. શિક્ષણનું પ્રમાણ વધી રહ્યું છે,જયારે સંસ્કાર ઘટી રહ્યા છે, તેની ચિંતા વ્યકત કરી મંત્રીએ વિધાર્થીઓમાં શિક્ષણ સાથે સંસ્કારનું સિંચન થાય તે ખૂબ જરૂરી છે.

આ પ્રસંગે યુનિવર્સીટીના કુલપતિ પંકજ જાનીએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. તેમજ ઉપ કુલ સચિવ અમીબેન ઉપાધ્યાયે આભારવિધી કરી હતી. આ પ્રસંગે એ.આઈ.પી.સીના અધ્યક્ષા વિજય લક્ષ્મી સહિત દેશના વિવિધ રાજયોની મહિલા કવિઓ અને ડૉ.બાબા સાહેબ ઓપન યુનિવર્સીટીના વિદ્યાર્થીઓ અને સ્ટાફ પરિવાર મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો.



જાહેરમાં સળગાવાતો કચરો : વારંવાર મીડીયામાં અહેવાલો અને તસવીરો છપાયા છતાં હજુ પણ સ્માર્ટ સિટી ગાંધીનગરમાં જાહેરમાં કચરો સળગાવવાની પ્રવૃત્તિ બંધ થતી નથી. સેક્ટર-૨૨નાં આંતરિક માર્ગ પર પાંદડા અને કચરો સળગાવી પર્યાવરણને પારાવાર નુકસાન કરનારાઓને કોણ સમજાવશે.

## આજે ગાંધી મિત્ર વર્તુળની માસિક બેઠક મળશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગર સંસ્થાની માસિક બેઠક તા. ૨૪-૧૧-૧૮ને શનિવાર સાંજના ૪.૩૦ કલાકે ગાંધીજન અમૃતભાઈ ત્રિવેદીના નિવાસસ્થાને ૬૨૯, વાસ્તુનિર્માણ સોસાયટી, સેકટર-૨૨ ખાતે યોજાશે.

બેઠકમાં ગાંધી સાહિત્યનું વાચન તથા આગામી આયોજન અંગે વિચારણા થશે. સૌ ગાંધી મિત્રો તથા ભાવકોને ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## રવિવારે હવેલી ગોળ ગુરૂબ્રાહ્મણ સમાજનો સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

હવેલી ગોળ ગુરૂબ્રાહ્મણ સમાજનો સ્નેહમિલન સમારંભનું ડૉ. આંબેડકર હોલ સેક્ટર-૧૨ ખાતે રવિવારે તા. ૨૫-૧૧-૨૦૧૮ના રોજ સવારે ૯ વાગે આયોજન કરાયુ છે. સમારંભના અધ્યક્ષસ્થાને ગાંધીનગર જિ.પં. સામાજીક ન્યાય સમિતિના ચેરમેન એલ.એન. પરમાર, ઉદ્‌ઘાટક ઉવારસદના ડાહ્યાભાઈ દવે, વિશેષ ઉપસ્થિત તરીકે વનાળા આશ્રમના મહેન્દ્રગીરી મહારાજ, મુખ્ય મહેમાન પદે લાંઘણજના જયંતિલાલ પંડ્યા ઉપસ્થિત રહેશે. જ્યારે આશીર્વચન કાલીદાસ બાપુ આપશે. વડિલ વંદનાના ભાગરૂપે મેડીકલ ચેક-અપ કેમ્પ તેમજ આઈ સેન્ટરના સહયોગથી ગોઠવ્યો છે. સાથોસાથ ધો. ૧૦-૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓને વિદ્યાપુરસ્કારથી સન્માનાશે. હવેલી ગોળમાં એક વર્ષમાં થયેલા મરણ પ્રસંગે કાંણ સાચવી ના હોય તેવા પરિવારોનું સન્માન કરાશે. આ ત્રિવિધ કાર્યક્રમમાં હવેલી ગોળના ગુરૂબ્રાહ્મણ સમાજને સપરિવાર પધારવા સંસ્થાના પ્રમુખ અને મહામંત્રી દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## રવિવારે ત્રિદલ સંસ્થાની માસિક બેઠક મળશે

ગાંધીનગર, તા. ૨૩

ત્રિદલ સંસ્થા ગાંધીનગરની નવેમ્બર માસની બેઠક તા. ૨૫-૧૧-૧૮ રવિવારે સાંજના ૪.૩૦ કલાકે ૭૯૦, નમન એપાર્ટમેન્ટ મહારાષ્ટ્ર ભવન સામે સે-૨૧ ખાતે મળશે. બેઠકમાં રેશનલ કવિતા તથા વાર્તાઓ વિષે રજૂઆત અને સમૂહ ચિંતન થશે જેમાં સૌ સભ્યો તથા ભાવકોએ ઉપસ્થિત રહેવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર

### દેવદિવાળીના પાવનપર્વ નિમિત્તે મુખ્યમંત્રી

## વિજયભાઈ રૂપાણીએ સંતરામ મંદિરમાં ભકિતભાવપૂર્વક દર્શન કર્યા

ગાંધીનગર, તા. ૨૩

ખેડા જિલ્લાના યાત્રાધામ વડતાલ ખાતે કાર્તિકી સમૈયાના પૂર્ણાહુતિ અને વડતાલ બસ મથકના લોકાર્પણ પૂર્વે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ નડીઆદના સુપ્રસિધ્ધ સંતરામ મંદિર ખાતે દેવદિવાળીના પાવન અવસરે ભકિતભાવપૂર્વક દર્શન કર્યા હતા.

મુખ્યમંત્રીની સાથે સંતરામ મંદિરના સંત નિર્ગુણદાસજી મહારાજ, સત્યદાસજી મહારાજ, વાહનવ્યવહાર રાજય મંત્રી ઈશ્વરસિંહ પટેલ, ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડક પંકજભાઈ દેસાઈ, સાંસદ દેવુંસિંહજી ચૌહાણ, કલેકટર સુધિર પટેલ ઉપસ્થિત રહયા હતા.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ